E mail : Lmkaria@yahoo.co.in

☎ : O. 0285-2624075
FAX : 0285-2657352

# MOHANLAL KARIA & CO./ LOKESH KARIA & CO.

TAXATION ADVOCATES
TIN FACILITATION CENTRE(MANAGED BY NSDL)
E-RETURN INTERMEDIARY
(APPROVED BY GOVT.OF INDIA)

H.O : 3rd FLOOR, SUVIDHA COMPLEX, TALAV ROAD, JUNAGADH – 362001.(GUJARAT)

B.O.: NR.NEHRU PARK, FIRANGIWADA, DIU – 362520 (U.T. OF DAMAN & DIU)

## પગારદાર કર્મચારીઓ માટે ઈન્કમટેક્ષ માર્ગદર્શન
## નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨

નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ અર્થાત્ આકારણી વર્ષ ૨૦૨૨–૨૩ થી વ્યકિત તેમજ એચ.યુ.એફ. હોય તેવા કરદાતાઓએ અગાઉની જૂની યોજના કે કલમ **115BAC** હેઠળ અમલી બનાવાયેલ નવી યોજના હેઠળના આવકવેરા દરની પસંદગી કરવાની રહેશે.

### નવી યોજના હેઠળના નિયંત્રણો સાથે આવકવેરા રેટ

### ૧) આવકવેરાની મુકતી મર્યાદા :–

સને.૨૦૨૧–૨૨ થી થયેલ સુધારા મુજબ આવકવેરાની મુકતી મર્યાદા નીચે મુજબ ની રહેશે.

| કરદાતાનો પ્રકાર | નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ ની નવી મુકતી મર્યાદા |
|---|---|
| વ્યકિત / એચ.યુ.એફ. | ૨,૫૦,૦૦૦/– |
| મહીલા કરદાતા | ૨,૫૦,૦૦૦/– |
| સીનીયર સિટિઝન (૬૦ થી ૮૦ વર્ષ સુધીના) | ૨,૫૦,૦૦૦/– |
| સુપર સીનીયર સિટિઝન (૮૦ વર્ષ કે ઉપરના) | ૨,૫૦,૦૦૦/– |

## ૨) <u>આવકવેરાના દર :–</u>

<u>વયકિતગત / એચ.યુ.એફ. /એ.ઓ.પી./બી.ઓ.આઈ./</u>
<u>સીનિયર સિટિઝન (૬૦ થી ૮૦ વર્ષ સુધીના)/</u>
<u>સુપર સીનિયર સિટિઝન (૮૦ વર્ષ કે ઉપરના)</u>

| વયકિતગત / એચ.યુ.એફ. /એ.ઓ.પી./બી.ઓ.આઈ./ સીનિયર સિટિઝન (૬૦ થી ૮૦ વર્ષ સુધીના)/ સુપર સીનિયર સિટિઝન (૮૦ વર્ષ કે ઉપરના) | આવકવેરાનો દર |
|---|---|
| પ્રથમ રૂા.૨,૫૦,૦૦૦/– | કરમુકત |
| રૂા. ૨,૫૦,૦૦૦/– થી ૫,૦૦,૦૦૦/– | ૫% |
| રૂા. ૫,૦૦,૦૦૦/– થી ૭,૫૦,૦૦૦/– | ૧૦ % |
| રૂા. ૭,૫૦,૦૦૦/– થી ૧૦,૦૦,૦૦૦/– | ૧૫ % |
| રૂા. ૧૦,૦૦,૦૦૦/– થી ૧૨,૫૦,૦૦૦/– | ૨૦ % |
| રૂા. ૧૨,૫૦,૦૦૦/– થી ૧૫,૦૦,૦૦૦/– | ૨૫ % |
| રૂા. ૧૫,૦૦,૦૦૦/– થી વધુ | ૩૦ % |

ઉપરોકત આવકવેરા ના દર પર વધારાનો ૪% હેલ્થ એન્ડ એજયુકેશન સેસ ગણવાનો રહેશે.

**રૂ. ૫,૦૦,૦૦૦/– સુધીની કરપાત્ર આવક ધરાવતી રહીશ વ્યકિતના કેસમાં કલમ 87A હેઠળ રૂ. ૧૨,૫૦૦/– સુધીનો આવકવેરા રીબેટનો લાભ મળવાપાત્ર છે.**

**<u>ખાસ નોંધ :–</u>** ઉપરોકત એજયુકેશન સેસ ઉપરાંત કોઈપણ પ્રકારનો સરચાર્જ ગણવાનો રહેશે નહિ. ૫૦ લાખથી ઉપરની આવક પર સરચાર્જ લાગુ પડશે.

જો નવી યોજના હેઠળના રાહતકારક દરનો લાભ લેવો હોય, તો કલમ 115BAC હેઠળ નિયત કપાતો, કરમુકિતઓ તેમજ નુકસાનના સેટ–ઓફના લાભ મળી શકશે નહિ.

**નવી યોજના હેઠળ નીચેના લાભ / રાહત મળવા પાત્ર નથી**

❖ પગારદાર કરદાતાના કેસમાં, કલમ 10(5) હેઠળ લીવ ટ્રાવેલ કન્સેશન(LTC), કલમ 10(13A) હેઠળ હાઉસ રેન્ટ અલાવન્સ (HRA), કલમ 10(14) હેઠળ નોકરીને સ્પર્શતાં નિર્દિષ્ટ ભથ્થાંને લગતી કરમુકિતઓ તેમજ કલમ 16 હેઠળ મળવાપાત્ર કપાતો, જેમકે સ્ટાન્ડર્ડ ડીડ્કશન અને પ્રોફેશનલ ટેક્ષ તથા કોઈપણ કાયદા હેઠળ મળવાપાત્ર કરમુકિત કે કપાતને પાત્ર ભથ્થુ (અલાવન્સ) કે સવલત (Perquisite).

- ❖ કલમ 10(17) હેઠળ સંસદ સભ્ય કે વિધાનસભાના સભ્યને મળતા ભથ્થાં.
- ❖ સગીર વયના બાળકની કલબિંગને પાત્ર આવકમાંથી, કરદાતાને બાળકદીઠ કરમુકત મળવાપાત્ર કલમ 10(32) હેઠળ નિયત રૂ. ૧૫૦૦ની રકમ.
- ❖ અંગત ઉપયોગના રહેઠાણ માટેની મકાન મિલકત જેનું વાર્ષિક મુલ્ય શૂન્ય ગણવામાં આવે છે તેના સંદર્ભમાં, કલમ 24 હેઠળ મળવાપાત્ર રૂ. ૨,૦૦,૦૦૦/– સધીના હાઉસીગલોન ઉપર ચુકવવા પાત્ર વ્યાજ.
- ❖ કલમ 57 હેઠળ ફેમીલી પેન્શન મેળવવાનો હકદાર કરદાતાના કેસમાં મળવાપાત્ર સ્ટાન્ડર્ડ ડીડ્કશન.
- ❖ આવકવેરાના કાયદાના Chapter VI-A હેઠળ કુલ ગ્રોસ આવકમાંથી કલમ 80ની શ્રેણી હેઠળ મળવાપાત્ર વિવિધ કપાતો. જેમકે કલમ 80C હેઠળ નિયત રોકાણો કે ખર્ચ, કલમ 80D હેઠળ મેડિકલ ઈન્શ્યોરન્સ પ્રીમિયમની ચુકવણી કે તબીબી સારવાર ખર્ચ, કલમ 80E કે 80EEA હેઠળ ઉચ્ચ શિક્ષણ કે હાઉસીગ માટે લોન સબંધી વ્યાજની ચુકવણી, કલમ 80G કે 80GGA હેઠળ નિયત દાન, કલમ 80GG હેઠળ ભાડાની ચુકવણી, કલમ 80TTA કે 80TTB હેઠળ નિયત બેંક વ્યાજ તેમજ કલમ 80DD કે 80DDB હેઠળ શારીરિક કે માનસિક રીતે અશકત કે ગંભીર રોગ કે બિમારીથી પીડિત કરદાતા કે તેના આશ્રિતોની સારવાર સબંધી ખર્ચ તથા કલમ 80U હેઠળ દિવ્યાંગોને મળતી કપાત, વગેરેનો સમાવેશ કરાયો છે.
- ❖ અગાઉના વર્ષ માટેનો એવો કોઈ Carried Forward Loss, જે ઉપરોક્ત કપાતોના કારણે ઉદ્ભવ્યો હોય તેવા Loss સંબંધી Setoff નો કોઈ લાભ પણ મળી શકશે નહિ.
- ❖ મકાન – મિલકત માંથી આવકના શીર્ષક હેઠળ ઉદ્ભવતી નુકશાનની કોઈપણ રકમ અન્ય આવક સામે સેટ–ઓફ કરી શકાશે નહી.

**નવી યોજના હેઠળ મળવા પાત્ર લાભ**

❖ કલમ 115BAC હેઠળ સ્પષ્ટતા કરાયા મુજબ કલમ 80CCD(2) અન્વયે કર્મચારીના માલીક દ્વારા કર્મચારીના NPS ખાતામાં જમા કરાતા ફાળાને નિયત મર્યાદામાં આવકવેરાને પાત્રગણવામાં આવતી નથી, તે પ્રર્વતમાન જોગવાઈ ચાલું રહેશે.

❖ Memorandum Explaining Provosions of the Finance bill માં આ સંબંધી સ્પષ્ટતા કરાયા મુજબ કલમ 10(14) હેઠળ નિયત નોટિફાઈડ કરમુકત ભથ્થા પૈકી, દિવ્યાંગ કર્મચારીના કેસમાં રૂ.૩૨૦૦નું માસિક ટ્રાન્સપોર્ટ અલાવન્સ તેમજ કર્મચારીને તેની નોકરી પરની ફરજો બજાવવા માટે અપાતા કન્વેયન્સ, ટુર–ટ્રાન્સફર તથા ડેઈલી અલાવન્સનો લાભ મળી શકશે.

❖ આ ઉપરાંત આવકવેરા કાયદા હેઠળ મળવાપાત્ર અન્ય કરમુકિત કે કપાત, જેમકે ભાડાની આવકમાંથી સ્ટાન્ડર્ડ ડીડ્કશન, પગારદારને નિવૃતી સમયે ગ્રેચ્યુઈટી, પ્રોવિડન્ડ ફંડ કે લીવ એન્કેશમેન્ટની મળતી કરમુકત રકમો, Tax Free Bond, PPF, કે SSYના કરમુકત વ્યાજ, ખેતીની આવક સંબંધી પ્રવર્તમાન કરમુકિતઓ, મુડી–નફા સંબંધી પ્રવર્તમાન કરમુકિતઓ તથા કલમ 87A હેઠળ આવકવેરા રીબેટની રાહત વગેરે લાભ કરદાતાઓને મળી શકશે.

## જુની યોજના હેઠળના નિયંત્રણો સાથે આવકવેરા રેટ

### ૧) આવકવેરાની મુકતી મર્યાદા :–

સને.૨૦૨૧–૨૨ થી થયેલ સુધારા મુજબ આવકવેરાની મુકતી મર્યાદા નીચે મુજબ ની રહેશે.

| કરદાતાનો પ્રકાર | નાણાકીય વર્ષ ૨૦૨૧–૨૨ ની નવી મુકતી મર્યાદા |
|---|---|
| વ્યકિત / એચ.યુ.એફ. | ૨,૫૦,૦૦૦/– |
| મહીલા કરદાતા | ૨,૫૦,૦૦૦/– |
| સીનીયર સિટિઝન (૬૦ થી ૮૦ વર્ષ સુધીના) | ૩,૦૦,૦૦૦/– |
| સુપર સીનીયર સિટિઝન (૮૦ વર્ષ કે ઉપરના) | ૫,૦૦,૦૦૦/– |

### ૨) આવકવેરાના દર :–

| વ્યકિત / એચ.યુ.એફ./મહિલા કરદાતા | આવક વેરાનો દર |
|---|---|
| પ્રથમ રૂા.૨,૫૦,૦૦૦/– | કરમુકત |
| રૂા. ૨,૫૦,૦૦૦/– થી ૫,૦૦,૦૦૦/– | ૫% |
| રૂા. ૫,૦૦,૦૦૦/– થી ૧૦,૦૦,૦૦૦/– | ૨૦% |
| રૂા. ૧૦,૦૦,૦૦૦/– થી વધુ | ૩૦% |

| સીનીયર સિટિઝન (૬૦ થી ૮૦ વર્ષ સુધીના) | આવક વેરાનો દર |
|---|---|
| પ્રથમ રૂા. ૩,૦૦,૦૦૦/– | કરમુકત |
| રૂા. ૩,૦૦,૦૦૦/– થી ૫,૦૦,૦૦૦/– | ૫% |
| રૂા. ૫,૦૦,૦૦૦/– થી ૧૦,૦૦,૦૦૦/– | ૨૦% |
| રૂા. ૧૦,૦૦,૦૦૦/– થી વધુ | ૩૦% |

| <u>સુપર સીનીયર સિટિઝન</u> (૮૦ વર્ષ કે ઉપરના) | <u>આવક વેરાનો દર</u> |
|---|---|
| પ્રથમ રૂા.૫,૦૦,૦૦૦/– | કરમુકત |
| રૂા. ૫,૦૦,૦૦૦/– થી ૧૦,૦૦,૦૦૦/– | ૨૦% |
| રૂા. ૧૦,૦૦,૦૦૦/– થી વધુ | ૩૦% |

ઉપરોકત આવકવેરા ના દર પર વધારાનો ૪% હેલ્થ એન્ડ એજયુકેશન સેસ ગણવાનો રહેશે.

<u>ખાસ નોંધ :–</u> ઉપરોકત એજયુકેશન સેસ ઉપરાંત કોઈપણ પ્રકારનો સરચાર્જ ગણવાનો રહેશે નહિ. ૫૦ લાખથી ઉપરની આવક પર સરચાર્જ લાગુ પડશે.

૩) <u>૫ લાખ સુધીની કરપાત્ર આવક ધરાવતા કરદાતાના કેસમાં રૂા.૧૨૫૦૦/– સુધીના આવકવેરા રીબેટની જોગવાઈ (નવી કલમ–૮૭એ)</u>

નાના કરદાતાઓને રાહત મળી રહે તે હેતુસર આવકવેરાના કાયદામાં કલમ ૮૭એ હેઠળ જોગવાઈમાં ફેરફાર કરવામાં આવેલ છે, જે અંતર્ગત રૂા.૫ લાખ સુધીની કરપાત્ર આવક ધરાવતા કરદાતાના કેસમાં તેણે ભરવાપાત્ર આવકવેરા માંથી રૂા.૧૨૫૦૦/– આવકવેરા રીબેટ તરીકે બાદ મળી શકશે.

૪) <u>પ્રોફેશનલ ટેક્ષ કપાત :–</u>

દરેક કર્મચારીને આ વ્યવસાયવેરાની કપાત તેના પગારના આવક સંબંધી પ્રોફેશનલ ટેક્ષની ચુકવણી તેને કલમ ૧૬(૩) મુજબ બાદ મળશે.

૫) <u>કરમુકત એલાઉન્સીઝ :–</u>

૧) <u>ચીલ્ડ્રન એજયુકેશન એલાઉન્સ :–</u>

દરેક કર્મચારીને પ્રતિ બાળક પ્રતિ માસ રૂા.૧૦૦/– નુ ચીલ્ડ્રન એજયુ. એલાઉન્સ બાદ મળી શકશે. આ એલાઉન્સ વધુ માં વધુ બે બાળકો માટે જ કલેઈમ કરી શકાશે. આથી કુલ બાદ મળવાપાત્ર એલાઉન્સ રૂા.૨૦૦/– પ્રતિ માસ થી વધુ હોઈ શકે નહિ.

## ૨) <u>હોસ્ટેલ એલાઉન્સ :–</u>

દરેક કર્મચારીને પ્રતિ બાળક પ્રતિ માસ રૂા.૩૦૦/– નુ હોસ્ટેલ એલાઉન્સ બાદ મળી શકશે. આ એલાઉન્સ વધુ માં વધુ બે બાળકો માટે જ કલેઈમ કરી શકાશે. આથી કુલ બાદ મળવાપાત્ર એલાઉન્સ રૂા.૬૦૦/– પ્રતિ માસ થી વધુ હોઈ શકે નહિ.

## ૩) <u>ટ્રાન્સપોર્ટ એલાઉન્સ :–</u>

સને.૨૦૧૮–૧૯ થી જે કર્મચારી શારીરીક ખોડખાપણ ધરાવતા હોય તો તેમને મહતમ રૂા.૩૨૦૦/– પ્રતિ માસ બાદ મળવાપાત્ર રહેશે. આમ વર્ષ દરમ્યાન મહતમ રૂા.૩૮૪૦૦/– નુ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ બાદ મળવાપાત્ર રહેશે. આથી હવે ફકત શારીરીક ખોડખાપણ ધરાવતા કર્મચારીને જ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ બાદ મળશે.

## ૪) <u>કન્વેયન્સ એલાઉન્સ :–</u>

કર્મચારીને પોતાની ફરજો બજાવવાના હેતુસર માલીક તરફથી આપવામાં આવેલ કન્વેયન્સ એલાઉન્સ અર્થાત વાહન ભથ્થુ સંપુર્ણ કરમુકત ગણાશે.

## ૫) <u>એકેડેમિક, રીસર્ચ ઓર પ્રોફેશનલ પરસુઈટ એલાઉન્સ :–</u>

શૈક્ષણિક કે સંશોધન સંસ્થામાં કામ કરતા કર્મચારીને તેની નોકરી સંબંધી શૈક્ષણિક, સંશોધન કે તાલીમી પ્રવૃતિઓ હાથ ધરવા માટે પ્રોત્સાહન સ્વરૂપે તેના માલીક તરફથી આપવામાં આવેલ 'એકેડેમિક, રીસર્ચ એન્ડ ટ્રેઈનિંગ પરસુઈટ એલાઉન્સ સંપુર્ણપણે કરમુકત ગણાશે.

## ૬) <u>યુનિફોર્મ એલાઉન્સ :–</u>

કર્મચારીને તેની નોકરી પરની ફરજો દરમિયાન પહેરવા માટે યુનિફોર્મની ખરીદી તેમજ નિભાવ (અર્થાત ધોલાઈ–ઈસ્ત્રી વગેરે) માટેના ખર્ચને પહોંચી વળવા તેના માલીક તરફથી આપવામાં આવેલ 'યુનિફોર્મ એલાઉન્સ સંપુર્ણપણે કરમુકત ગણાશે.

## ૭) <u>હાઉસ રેન્ટ એલાઉન્સ યાને ઘરભાડા ભથ્થું :–</u>

ઈન્કમટેક્ષ કાયદાની કલમ ૧૦ (૧૩એ) મુજબ કર્મચારીને પોતાના માલીક તરફથી ઘરભાડા ભથ્થુ યાને "હાઉસ રેન્ટ એલાઉન્સ" મળે છે તે નીચેની ત્રણ શરતોની રકમ પૈકીની સૌથી ઓછી જે રકમ હશે તે બાદ મળવાપાત્ર રહેશે.

(૧) કર્મચારીને માલીક તરફથી મળેલી ખરેખર ઘરભાડાની રકમ

(૨) ભાડાની ચુકવણીની રકમ કે જે કર્મચારીના પગારના તેમજ મોંઘવારી ભથ્થાના ૧૦% થી વધતી હોય તેટલી રકમ.

(૩) પગારના ૪૦% ની રકમ.

સને.૨૦૧૩–૧૪ થી હાઉસરેન્ટ એલાઉન્સની બાદબાકી સંદર્ભે સીબીડીટી તરફથી સરકયુલર નં.૦૮/૨૦૧૩, તા.૧૦–૧૦–૨૦૧૩ માં નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવી છે. જેનો દરેક કર્મચારી તેમજ માલીકે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ઉપરોકત સરકયુલરમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યુ છે કે જો કોઈ કર્મચારી વાર્ષીક રૂા.૧ લાખ થી વધુ ભાડુ ચુકવતા હોય, તો તેઓએ મકાન માલીકના પાન કાર્ડની પ્રમાણીત નકલ ભાડાની રસીદ સાથે પોતાના એમ્પ્લોયર (માલીક) ને આપવાની રહેશે.

જો કોઈ કર્મચારીને વાર્ષીક રૂા.૩૬૦૦૦/– થી વધુ એચ.આર.એ. મળતુ હોય, તો તેમણે પણ ભાડાની રસીદ માલીકને આપવાની રહેશે.

જો કોઈ કર્મચારીને વાર્ષીક રૂા.૩૬૦૦૦/– થી ઓછુ એચ.આર.એ.મળતુ હોય, તો તેઓએ કોઈપણ પ્રકારની ભાડાની રસીદ માલીકને આપવાની રહેશે નહિ. આ જોગવાઈનો અર્થ એ નથી કે ભાડાની રસીદ માલીક પાસેથી લેવાની જ નથી. કારણ કે આવકવેરા અધિકારી જરૂર પડયે આ રસીદની કોપી ખરાઈ માટે કરદાતા પાસેથી માંગી શકશે.

## ૬) <u>એરીયર્સની રકમ પર મળતી રાહત ૮૯(૧) રીલીફ :–</u>

આવકવેરા કાયદાની કલમ ૮૯(૧) મુજબ કર્મચારીઓને જયારે પણ પગારના એરીયર્સની રકમ એકી સાથે મળે ત્યારે જો કરદાતા રીલીફ માટેની અરજી કરે તો જે તે ઈન્કમટેક્ષ ઓફીસર ઘ્વારા તેને યોગ્ય રાહત આપવામાં આવે છે. આ માટે એરીયર્સની આવક જે તે પાછલા જુદા જુદા વર્ષામાં બાઈફરકેશન કરવાનુ હોય છે. આથી એકી સાથે મળતી આવક ઉપર ઉંચા દરે ટેક્ષ ભરવાનો થતો નથી અને એકંદરે ટેક્ષમાં રાહત મળે છે. ટેક્ષ માંથી રાહત મેળવવા માટે કરદાતાએ ૧૦–ઈ અને એનેક્ષર (૧)(૨) ના ફોર્મ ભરી ઈન્કમટેક્ષ રીર્ટન સાથે જોડવા પડે છે.

## ૭) <u>હાઉસીંગ લોન અંગે વ્યાજની કપાત :–</u>

જો કોઈ કર્મચારીએ પોતાના અંગત રહેઠાણ માટેનુ મકાન ખરીદવા કે બાંધવા માટે લોન લીધી હોય તો આવી હાઉસીંગ લોન ઉપર ચુકવવાપાત્ર વ્યાજ તેને વાર્ષીક રૂા.૨,૦૦,૦૦૦/– ની મર્યાદામાં કપાત તરીકે બાદ આપવાની ખાસ રાહતકારક જોગવાઈ આવકવેરાના કાયદાની કલમ ૨૪ હેઠળ કરવામાં આવી છે.

ઉપરોકત રૂા.૨,૦૦,૦૦૦/– ની કપાત તો જ મળી શકશે જો હાઉસીંગ લોન તા.૧–૪–૧૯૯૯ પછી થી લેવામાં આવી હોય તેમજ તે હાઉસીંગ પ્રોપર્ટી ની ખરીદી અથવા બાંધકામ લોન મેળવ્યા ની તારીખ થી પાંચ વર્ષની અંદર કરવામાં આવેલ હોય. અન્યથા કલમ ૨૪ હેઠળ મળવાપાત્ર કપાત રૂા.૩૦,૦૦૦/– રહેશે.

કલમ–૮૦ઈઈએ હેઠળ રૂા.૧,૫૦,૦૦૦/– સુધીના વ્યાજની ચુકવણી માટે વધારાની કપાત મળવાપાત્ર છે. આ કપાત આવકવેરા કાયદાની કલમ ૨૪ હેઠળ ઉપલબ્ધ વ્યાજની ચુકવણી માટે રૂા.૨,૦૦,૦૦૦/– ની કપાત સિવાયની વધારાની રકમ છે.
તેથી કરદાતાઓ હોમ લોન પરના વ્યાજ માટે કુલ રૂા.૩,૫૦,૦૦૦/– સુધીની કપાત મેળવી શકે છે, જો તેઓ કલમ–૮૦ઈઈએ ની કપાતનો લાભ લેવા માંગતા હોય તો તેઓને નીચે મુજબની શરતોને પૂર્ણ કરાવાની રહેશે.

**કલમ–૮૦ઈઈએ કપાતનો દાવો કરવા માટેની શરતો :–**

- રહેણાંકી મકાનની મિલ્કત ખરીદવા માટે હાઉસીગ લોન બેન્કો અથવા હાઉસીગ ફાઈનાન્સ કંપની પાસેથી લેવી જરૂરી છે.

- ઘરની મિલ્કતની સ્ટેમ્પ ડયુટી ૪૫ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ.

- જે કરદાતા કલમ–૮૦ઈઈ હેઠળ કપાતનો દાવો કરતો હોય, તે કરદાતા કલમ–૮૦ઈઈએ હેઠળ કપાત મેળવી શકશે નહી.

- આ કલમ મુજબ કરદાતા પ્રથમ વખત ઘર ખરીદનાર હોવો જોઈએ અને તેને આ પહેલા રહેણાંકી મકાન ખરીદેલ હોવુ ન જોઈએ, તો જ આ કલમ નો લાભ મેળવી શકશે.

- કરદાતાએ તા.૧–૪–૨૦૧૯ થી તા.૩૧–૩–૨૦૨૨ સુધી માં જ લોન લીધેલી હોવી જોઈએ.

૮) **મેડીકલ રીઈમ્બર્સમેન્ટ (પ્રોવિઝો ૧૭(૨)) :–**

કોઈપણ કર્મચારીને માલીક ધ્વારા કોઈપણ પ્રકારનુ મેડીકલ રીઈમ્બર્સમેન્ટ ચુકવવામાં આવે તો નીચે મુજબના નિયમોને આધિન કપાત મળવાપાત્ર રહેશે.

૧) કોઈપણ માલીક ધ્વારા કર્મચારી અથવા તેના ફેમીલી મેમ્બર્સ ને થયેલ કોઈપણ બિમારી માટે ગર્વમેન્ટ હોસ્પીટલ અથવા ગર્વમેન્ટ એપ્રુવ્ડ હોસ્પીટલમાં ટ્રીટમેન્ટ આપવામાં આવે, તો તે ટ્રીટમેન્ટ પાછળ થયેલ ખર્ચ કર્મચારી માટે ટેક્ષેબલ ગણાશે નહી એટલે કે આ ખર્ચ સંપુર્ણપણે કરમુકત રહેશે.

૨) કોઈપણ કર્મચારી ધ્વારા તેના પોતાના માટે અથવા ફેમીલી મેમ્બર્સ માટે કોઈપણ પ્રીસ્ક્રાઈબ્ડ બિમારી (રૂલ ૩ એ માં નિર્દિષ્ટ) માટે કોઈપણ પ્રકારનો ખર્ચ કરવામાં આવે અને આ ખર્ચ જો માલીક ધ્વારા રીઈમ્બર્સ કરવામાં આવે તો આ રીઈમ્બર્સમેન્ટ સંપુર્ણ કરમુકત રહેશે. રીઈમ્બર્સમેન્ટ

ની રકમ ઉપરોકત બિમારી ઉપર થયેલ ખર્ચ કરતા વધુ હોવી જોઈએ નહિ.

કોઈપણ પ્રીસ્ક્રાઈબ્ડ બિમારીના ખર્ચનુ રીઈમ્બર્સમેન્ટ તો જ કરમુકત ગણાશે જો આ બિમારીની ટ્રીટમેન્ટ ચીફ કમીશ્નર ઓફ ઈન્કમટેક્ષ ધ્વારા માન્ય હોસ્પીટલમાં લેવામાં આવે.

૩) ઉપરોકત બન્ને પેરામાં સમાવિષ્ટ ન થતુ હોય તેવુ કોઈપણ મેડીકલ રીઈમ્બર્સમેન્ટ મહતમ રૂા.૧૫૦૦૦/– સુધી કરમુકત ગણાતી રકમ સને.૨૦૧૮–૧૯ થી બાદ મળશે નહિ.

ઉપરોકત પેરા નં.૧ અને ૨ માં દર્શાવેલ મેડીકલ રીઈમ્બર્સમેન્ટ બાદ લઈ શકાશે, પરંતુ રૂા.૧૫,૦૦૦/– ની મર્યાદામાં કલેઈમ કરવામાં આવતુ મેડીકલ રીઈમ્બર્સમેન્ટ હવેથી બાદ મળશે નહિ.

## ૯) સ્ટાન્ડર્ડ ડીડકશન (કલમ–૧૬ હેઠળ) :–

કલમ–૧૬ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ થી પગારની આવક માંથી રૂા.૫૦,૦૦૦/– સ્ટાન્ડર્ડ ડીડકશન તરીકે બાદ આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

આવકવેરાના કાયદા હેઠળ પેન્શનની આવકને પણ પગારના શીર્ષક હેઠળ કરપાત્ર ગણવામાં આવતી હોય, તેના સંદર્ભેમાં સ્ટાન્ડર્ડ ડીડકશનનો લાભ તમામ પેન્શનરોને પણ મળી શકશે.

## ૧૦) ચેપ્ટર VI એ હેઠળ મળવાપાત્ર ડીડકશન :–

### ૧) રોકાણ સબંધી કપાત :–

- **કલમ ૮૦ સી/ ૮૦સીસીસી/ ૮૦સીસીડી(૧) :–**

આવકવેરાની કલમ ૮૦ સી, ૮૦સીસીસી તેમજ ૮૦સીસીડી(૧) અનુસાર નીચે મુજબના નિયત રોકાણો ઉપર મહતમ રૂા.૧,૫૦,૦૦૦/– સુધી નુ ડીડકશન આવક માંથી કલેઈમ કરી શકાશે.

૧) લાઈફ ઈન્શ્યોરન્સ પોલીસી પ્રીમીયમ (LIP) ની ચુકવણી.

૨) યુનિટ લિંકડ ઈન્શ્યોરન્સ પ્લાન (ULIP) માં રોકાણ.

૩) સ્ટેચ્યુટરી કે રેકગ્નાઈઝડ પ્રોવિડન્ટ ફંડ કે એપ્રુવ્ડ સુપરએન્યુએશન ફંડમાં કર્મચારી ધ્વારા જમા કરાવવામાં આવતો ફાળો.

૪) પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) માં રોકાણ.

૫) હાઉસીગ લોનના ઈન્સ્ટોલમેન્ટની ચુકવણી કે મકાન–મિલ્કત માટે સ્ટેમ્પ ડયુટ, રજીસ્ટ્રેશન ખર્ચ વગેરેની ચુકવણી.

૬) પાંચ વર્ષીય ' નેશનલ સેવિંગ્સ સર્ટીફીકેટ' (NSC) માં રોકાણ તથા NSC માં વર્ષોવર્ષ જમા થતુ વ્યાજ (Accrued Interest).

૭) હોમ લોન એકાઉન્ટ સ્કીમમાં રોકાણ.

૮) જીવન વિમા નિગમ કે અન્ય વીમાકારની વર્ષાસન યોજના (Annuity Plan) માં રોકાણ.

૯) સુકન્યા સમૃધ્ધી યોજનામાં રોકાણ

૧૦) યુ.ટી.આઈ. કે માન્ય મ્યુચ્યુઅલ ફંડ ધ્વારા સ્થપાયેલ 'પેન્શન ફંડ' માં રોકાણ.

૧૧) માન્ય મ્યુચ્યુઅલ ફંડની 'ઈકિવટી લિંકડ સેવિંગ્સ સ્કીમ' (ELSS) ના યુનિટસમાં રોકાણ.

૧૨) બે બાળકોના શિક્ષણ માટે ટયુશન ફી સંબંધી ખર્ચ.

૧૩) ઈન્ફ્રાસ્ટ્રકચર, પાવર કે ટેલીકોમ કંપનીના શેર કે ડિબેન્ચરમાં રોકાણ કે આવી કંપનીમાં રોકાણ કરતા મ્યુચ્યુઅલ ફંડના યુનિટસ અથવા Tax Savings Bond માં કરાયેલ રોકાણ.

૧૪) શીડયુલ્ડ બેન્કની પાંચ વર્ષીય 'ટેક્ષ સેવિંગ્સ ડિપોઝિટ સ્કીમ' માં રોકાણ.

૧૫) સીનીયર સિટિઝન્સ સેવિંગ્સ સ્કીમમાં રોકાણ.

૧૬) પાંચ વર્ષીય પોસ્ટ ઓફીસ ટાઈમ ડીપોઝીટમાં રોકાણ.

૧૭) એન.પી.એસ.હેઠળ કર્મચારીના પગાર માંથી થયેલ કપાત.

- **<u>કલમ ૮૦ સીસીડી(૨) :–</u>**

  કલમ ૧૭ હેઠળ કરાયેલી જોગવાઈ અનુસાર, માલીક ધ્વારા એન.પી.એસ.માં કર્મચારીના ખાતે જમા કરવામાં આવતા ફાળાને કર્મચારીની આવક માની લેવામાં આવશે, પરંતુ કલમ ૮૦સીસીડી (૨) અન્વયે આવા ફાળાને કપાત તરીકે મજરે મળવાપાત્ર ગણાશે. આ કપાત કર્મચારીના પગારના ૧૦% ની મર્યાદામાં મળવાપાત્ર રહેશે.

- **<u>કલમ ૮૦ સીસીડી (૧બી) :–</u>**

  નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ થી આ વધારાની કપાતનો લાભ મહતમ રૂા.૫૦૦૦૦/– સુધી મેળવી શકાશે. આ કલમ અંતર્ગત કોઈપણ વ્યકતી NPS (Tier.I) એકાઉન્ટમાં રોકાણ કરીને વધારાની કપાતનો લાભ મહતમ રૂા.૫૦૦૦૦/– ની મર્યાદામાં મેળવી શકશે.

**૨) <u>મેડીકલેઈમ ઈન્શ્યોરન્સ સંબંધી કપાત (૮૦ ડી) :–</u>**

કલમ ૮૦ ડી ની જોગવાઈઓ અનુસાર કોઈપણ કરદાતા પોતાના, પોતાના લગ્ન સાથીના અને બાળકોના સ્વાસ્થ્ય માટે લીધેલા મેડીકલ ઈન્શ્યોરન્સ નુ પ્રીમીયમ મહતમ રૂા.૨૫૦૦૦/– સુધી બાદ મળી શકશે. જો કરદાતા પોતે સીનીયર સીટીઝન હોય તો મહતમ રૂા.૫૦૦૦૦/– સુધી બાદ મળી શકશે.

જો વ્યકતી પોતાના માતા–પિતા નુ પણ મેડીકલેઈમ પ્રીમીયમ ભરતી હોય તો તેવા કેસમાં તેને વધારાની રૂા.૨૫૦૦૦/– ની કપાતનો લાભ મળી શકશે. વળી,જો તેના માતા, પિતા કે પત્ની ત્રણેય માંથી કોઈપણ સીનીયર સીટીઝન તો તેવા કેસમાં વધારાની રૂા.૫૦૦૦૦/– ની કપાતનો લાભ મળશે. આમ કલમ–૮૦ડી હેઠળ હવે વ્યકતીને અસરકારક સ્વરૂપે રૂા.૫૦૦૦૦/– (પોતાના કુટુંબ ના રૂા.૨૫૦૦૦/– + માતા–પિતાના રૂા.૨૫૦૦૦/–) અથવા રૂા.૭૫૦૦૦/– (પોતાના કુટુંબના રૂા.૨૫૦૦૦/– + સીનીયર સીટીઝન માતા,પિતા કે પત્નીના રૂા.૫૦૦૦૦/–) ની કપાતનો લાભ મળી શકશે.

કરદાતા પોતે સીનીયર સીટીઝન હોય તો ઉપરોકત રૂ.૨૫૦૦૦/– ને બદલે રૂ.૫૦૦૦૦/– ની રકમ ધ્યાનમાં લેવી.

સેન્ટ્રલ ગર્વમેન્ટ હેલ્થ સ્કીમમાં અપાયેલ ફાળાની રકમ પણ કલમ ૮૦ડી હેઠળ કપાતને પાત્ર ગણાશે. તેની મર્યાદા પણ ઉપરોકત પ્રમાણેની જ રહેશે.

કલમ ૮૦ડી હેઠળની કપાતના વ્યાપનો વિસ્તાર કરીને નાણાકીય વર્ષ ૨૦૧૨–૧૩ થી એવી જોગવાઈ કરવામાં આવી છે કે કરદાતા એ પોતાના, પોતાના કુટુંબના સભ્યો અથવા તેના માતા પિતા ના પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ માટે કોઈ ખર્ચ કર્યો હોય તો આવા ખર્ચ સંબંધી વધુમાં વધુ રૂપિયા ૫૦૦૦/– સુધી , પરંતુ કલમ ૮૦ડી હેઠળની કુલ રૂ. ૨૫૦૦૦/– /રૂ. ૫૦૦૦૦/– ની ઉપરોકત કપાતની મર્યાદા માં લાભ મળી શકશે.

## ૩) <u>શારીરિક કે માનસીક રીતે અશકત એવા આશ્રિતોની તબીબી સારવાર માટે કરેલા ખર્ચ અંગે મળતી કપાત (૮૦ ડીડી) :–</u>

કોઈપણ કર્મચારી કલમ ૮૦ ડીડી હેઠળ પોતાના પર આશ્રિત હોય તેવી કોઈ શારીરિક કે માનસિક રીતે અશકત વ્યકિતની તબીબી સારવાર તાલીમ કે પુનર્વસવાટ માટે કરવામાં આવેલ ખર્ચ અથવા આવી વ્યકતી ના ભરણપોષણ માટે જીવન વિમા નિગમ કે યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા પ્રાયોજીત અને આ હેતુસર સી.બી.ડી.ટી. ધ્વારા માન્ય કરવામાં આવેલ યોજના હેઠળ કરવામાં આવેલ રોકાણના સંદર્ભમાં કપાત બાદ આપવામાં આવે છે.

જો કોઈપણ આશ્રિત હોય તેવી કોઈ શારીરિક કે માનસિક રીતે અશકત વ્યકિતની ડીસેબીલીટી ૪૦% થી વધુ હોય તો મહતમ મળવાપાત્ર કપાત રૂ.૭૫,૦૦૦/– રહેશે અને જો તે વ્યકિતની ડીસેબીલીટી ૮૦% થી વધુ હોય તો મહતમ મળવાપાત્ર કપાત રૂ.૧,૨૫,૦૦૦/– રહેશે.

આ કપાત મેળવવા માટે કર્મચારીએ મેડીકલ ઓર્થોરીટી પાસેથી ફોર્મ નં.૧૦ આઈ.એ. મેળવીને આપવાનુ રહેશે.

## ૪) <u>ગંભીર રોગ કે બિમારીથી પીડાતા કર્મચારી તેમજ તેના આશ્રિતોની તબીબી સારવાર માટે કરેલ ખર્ચ અંગે મળતી કપાત (૮૦ ડીડીબી) :–</u>

કલમ ૮૦ ડીડીબી ની જોગવાઈઓ અનુસાર આ માટે આવકવેરા નિયમો હેઠળ જાહેર કરવામાં આવે તેવા કોઈ ગંભીર રોગ કે બિમારીથી પીડાતા કર્મચારી કે તેના કોઈ આશ્રિત સગાની તબીબી સારવાર માટે કર્મચારીએ કોઈપણ ખર્ચ કર્યા હોય તો તેવા કેસમાં તેને તેની કુલ ગ્રોસ આવક માંથી રૂા.૪૦,૦૦૦/– ની કપાત બાદ આપવામાં આવશે, વધુમાં જો કર્મચારી કે તેના કોઈ આશ્રિત સગા "સીનીયર સીટીઝન" હોય તો તેવા કેસમાં રૂા.૧,૦૦,૦૦૦/– ની કપાત બાદ મળશે. અલબત આ સંદર્ભમાં એવી સ્પષ્ટતા કરાઈ છે કે જો આ તબીબી સારવારના સંદર્ભમાં વિમા કંપની તરફથી કોઈ રકમની ચુકવણી કરવામાં આવે તો તેને ઉપરોકત કપાતની રકમ માંથી બાદ કરાશે અને બાકી રહેતી રકમ કપાત તરીકે મજરે મળશે.

આવકવેરા નિયમ ૧૧ ડીડી હેઠળ કલમ ૮૦ ડીડીબી ના હેતુસર જાહેર કરાયેલા ગંભીર રોગો / બિમારીઓની યાદી નીચે મુજબ છે.

૧) માનસીક રોગો
૨) કેન્સર
૩) એઈડઝ
૪) ક્રોનિક રીનલ ફેઈલર (કીડની ફેઈલર)
૫) હીમોફિલીયા તેમજ થેલીસીમીયા

આ કપાતનુ પ્રમાણ ઉપરોકત હેતુસર કર્મચારીએ ખરેખર કરેલુ ખર્ચ અથવા રૂા.૪૦,૦૦૦/– ( કે રૂા.૧,૦૦,૦૦૦/–), બે માંથી જે રકમ ઓછી હોય તેના આધારે આપવામાં આવશે.

આ કપાત મેળવવા માટે કર્મચારીએ મેડીકલ ઓર્થોરીટી પાસેથી ફોર્મ નં.૧૦ આઈ. મેળવીને આપવાનુ રહેશે.

## ૫) <u>ઉચ્ચ શિક્ષણ માટે લીધેલ લોનના વ્યાજની ચુકવણી સંબંધી કપાત (૮૦ ઈ) :–</u>

કલમ ૮૦ ઈ ની જોગવાઈઓ અનુસાર કોઈપણ કર્મચારી પોતાના અથવા પોતાના સગા માટે ઉચ્ચ શિક્ષણ માટે કોઈ બેન્ક કે નાણાકીય સંસ્થા અથવા આવકવેરાના કાયદા હેઠળ માન્ય જાહેર ધર્માદા ટ્રસ્ટ પાસેથી લોન લીધી હોય તો વર્ષ દરમ્યાન તેણે આવી લોનનુ ચુકવેલ વ્યાજ ખર્ચ તેની કુલ ગ્રોસ આવક માંથી કપાત તરીકે બાદ મળી શકશે.

## ૬) <u>નવી કલમ–૮૦ઈઈબી</u>

ઈલેકટ્રોનીક વાહનો ખરીદવા માટે લેવામાં આવતી લોન પર ચુકવેલ વ્યાજ પર રૂા.૧,૫૦,૦૦૦/– સુધીની કપાત મળવાપાત્ર રહેશે.

## ૭) <u>દાનમાં આપેલ રકમ અંગે મળી શકતી કપાત (૮૦ જી) :–</u>

કલમ ૮૦ જી હેઠળ જો કોઈ કર્મચારી પ્રાઈમ મીનીસ્ટર રીલીફ ફંડ તેમજ અન્ય સી.બી.ડી.ટી. ધ્વારા નિર્દિષ્ટ કરેલ ફંડમાં દાન આપે તો આ દાનમાં આપેલી રકમ ૧૦૦% અથવા ૫૦% ડીડકશનને પાત્ર છે.

ઉપરોકત ફંડમાં નિર્દિષ્ટ ન થતી હોય તેવી કોઈપણ ૮૦ જી(૫) માન્ય સંસ્થામાં કોઈ કર્મચારી દાન આપે તો આ દાનની રકમના ૫૦% ડીડકશનને પાત્ર ગણાશે. આ દાનની રકમ કુલ આવકના ૧૦% થી વધવી જોઈએ નહિ. ૧૦% થી વધારેનું દાન બાદ મળશે નહિ.

ઉપરોકત સદર્ભમાં નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ થી અમલી સુધારા અનુસાર એવી જોગવાઈ કરવામાં આવી છે, કે રૂા.૨૦૦૦/– થી વધુ દાનની રકમના સંદર્ભમાં, જો આવુ દાન રોકડ સિવાય એટલે ચેક અથવા ડ્રાફટ સ્વરૂપે આપવામાં આવ્યુ હોય, તો જ કલમ–૮૦જી હેઠળ મળવાપાત્ર રહેશે, જો દાનની રકમ રૂા.૨૦૦૦/– થી નીચે રોકડ સ્વરૂપે આપેલ હશે તો આ કલમ મુજબ લાભ મળવાપાત્ર છે.

## ૮) અંધ,અપંગ અને મંદબુધ્ધિની વ્યકિતઓને મળી શકતી વિશિષ્ટ કપાત (૮૦ યુ) :–

કલમ ૮૦ યુ હેઠળ અંધ અથવા કાયમી સ્વરૂપે શારીરિક રીતે અપંગ અથવા મંદબુધ્ધિ ધરાવતા એવા કોઈપણ કર્મચારી પોતાના અંધપણાનુ, અપંગતાનુ કે મંદબુધ્ધિપણાનુ સરકારી અથવા સ્થાનીક સંસ્થા સંચાલીત હોસ્પીટલના ડોકટરનુ નિયત સર્ટીફીકેટ રજુ કરે તો તેની કુલ ગ્રોસ આવક માંથી નીચે મુજબની રકમ બાદ મળી શકશે.

૧) ૪૦% કે તેથી વધુ ડીસેબીલીટી ધરાવતા કર્મચારીને રૂા.૭૫,૦૦૦/– ની કપાત મળશે.
૨) ૮૦% કે તેથી વધુ ડીસેબીલીટી ધરાવતા કર્મચારીને રૂા.૧,૨૫,૦૦૦/– ની કપાત મળશે.

## ૯) સેવિંગ્સ એકાઉન્ટ વ્યાજ સંબંધી કપાત ની જોગવાઈ(૮૦ટીટીએ/ ૮૦ટીટીબી):–

કલમ ૮૦ટીટીએ હેઠળ એવી જોગવાઈ કરવામાં આવી છે કે વ્યકિત અથવા એચ.યુ.એફ. હોય તેવા કરદાતા ના કેસ માં વધુમાં વધુ રૂા.૧૦૦૦૦/– ની મર્યાદા માં, કોઈપણ બેંક ,કો–ઓપ. બેંક કે પોસ્ટ ઓફીસના સેવિંગ્સ એકાઉન્ટ ના વ્યાજ ને કુલ ગ્રોસ આવક માંથી કપાત તરીકે બાદ આપવામાં આવશે.
નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ થી એવી જોગવાઈ કરવામાં આવી છે કે, કરદાતા સીનીયર સીટીઝન હોય અને વ્યાજની (સેવીંગ અથવા એફ.ડી.) આવક ધરાવતા હોય તો તેવા કેસમાં રૂા.૫૦,૦૦૦/– ની મહતમ કપાતનો લાભ કલમ ૮૦ટીટીબી હેઠળ મળી શકશે.

## ૧૦) કર્મચારીને આપવામાં આવતી મુસાફરી સહાય(એલ.ટી.સી.) સંબંધીત જોગવાઈ:–

કલમ ૧૦(૫) અન્વયે ,કર્મચારીને નોકરી દરમ્યાન ભારતમાં કોઈપણ સ્થળે રજા પર જવા માટે જે એલ.ટી.સી. આપવામાં આવે તે કર્મચારીએ મુસાફરી માટે કરેલ ખર્ચ ની મર્યાદામાં કરમુકત ગણાશે. મહદઅંશે દરેક માલિક (એમ્પલોયર) ધ્વારા કર્મચારીએ કરેલ મુસાફરી ખર્ચ એલ.ટી.સી

તરીકે આપવામાં આવે છે. આમ અસરકારક રીતે એલ.ટી.સી. ની બધીજ રકમ કરમુકત રહે છે.

માલિક (એમ્પલોયર) ધ્વારા ઘણી વખત કર્મચારીને એલ.ટી.સી. સંબંધીત લીવ એન્કેશમેન્ટ (રજા પગાર) આપવામાં આવે છે. આ રજા પગાર કરપાત્ર છે કે કરમુકત તેની કોઈ સ્પષ્ટતા કલમ ૧૦(૫) માં કરવામાં આવેલ નથી. પરંતુ કલમ ૧૦(૫) માં એવી જોગવાઈ સ્પષ્ટ પણે કરવામાં આવેલ છે કે એલ.ટી.સી. સંબંધી કોઈપણ કપાત મુસાફરી પાછળ કરવામાં આવેલ ખર્ચથી વધુ હોઈ શકે નહિ.

આથી ઉપરોકત સ્થિતી ને ઘ્યાનમાં લેતા જેતે ડી.ડી.ઓ. (ડ્રોવીંગ એન્ડ ડીસ્બર્સીંગ ઓફીસર) એ એલ.ટી.સી. નો રજા પગાર કર્મચારી ને બાદ આપવું  એ સલાહભર્યું નથી. હાલમાં સ્ટેટ ગર્વે. ધ્વારા પણ કેટલાક સેમીનાર તેમજ ટ્રેનીંગ પ્રોગ્રામમાં પણ આ રજા પગાર આવક તરીકે લેવા માટે જણાવવામાં આવેલ છે.

જેતે કર્મચારી એ મુસાફરી પાછળ કરેલ ખર્ચ જો મળેલ એલ.ટી.સી. કરતા વધુ હોય તો પોતાના અંગત આવક વેરાના રીટર્નમાં કરેલ મુસાફરી ખર્ચ ના બધા પુરાવા બીડીને પોતાની રીતે આવક વેરા અધિકારી પાસેથી બાદ લઈ શકશે. અને આ રજા પગાર આવક વેરામાં બાદ લેવાની સંર્પૂણ જવાબદારી જે તે કર્મચારી ની અંગત રહેશે.

## ૧૧ ) <u>રહેઠાણના મકાનની સવલત (**Rent Free Accomodation**)</u>

પગારદાર કર્મચારીને તેના માલીક તરફથી ભાડા મુકત રહેઠાણની સવલતના સદર્ભમાં તેનુ મુલ્યાંકન નીચે મુજબ કરવામાં આવશે.

### ૧) <u>જયારે રહેઠાણની જગ્યા ફરનીચર વગરની હોય :–</u>

કેન્દ્ર કે રાજય સરકાર ધ્વારા મકાનની ફાળવણી માટેના નિયમો મુજબ ચુકવવાપાત્ર લાયસન્સ ફીની રકમ, કર્મચારીએ આવક તરીકે લેવાની રહેશે. જો કે આ રકમ માંથી કર્મચારી ધ્વારા ચુકવવામાં આવેલ રકમ બાદ કરવામાં આવશે.

**૨) જયારે રહેઠાણની જગ્યા ફરનીચર સાથે હોય :–**

ઉપરોકત પેરા ૧ મુજબની ગણતરી કરી તેમા ફરનીચરની કીમતના ૧૦% રકમ ઉમેરવાની રહેશે.

ઉપરોકત રહેઠાણના મકાનની સવલત માલીક (Employer) ધ્વારા આપવામાં આવી હોય તો જ આ જોગવાઈ લાગુ પડશે.

**૧૨) કલમ 10(11) / 10(12) હેઠળ કર્મચારીના પ્રોવિડન્ટ ફંડમાં કર્મચારી દ્વારા નિયત રકમથી વધુ રોકાણ કરાય તો વધારાની રકમનું વ્યાજ કરપાત્ર !**

આકારણી વર્ષ ૨૦૨૧–૨૨થી કલમ 17 અન્વયે કરવામાં આવેલા સુધારા અનુસાર કર્મચારી દ્વારા P.F., Super Annuation કે NPS Accountsમાં 2,50,000/- થી વધારેનું રોકાણ કરવામાં આવે તો તે વધારાના રોકણ પર મળતું વ્યાજ કરને પાત્ર છે.

ઉપરાંત માલિક દ્વારા કરવામાં આવતા P.F., Super Annuation કે NPS Accountsમાં 5,00,000/- થી વધારેનું રોકાણ કરવામાં આવે તો તે વધારાના રોકાણ પર મળતું વ્યાજ કરને પાત્ર છે.